

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-12 ■ તા. 31-3-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# જે પણ ધોવાયા હતા તે નિષ્કલંક બહાર આવ્યા હતા અને આમાં સૌથી આશ્ચર્યજનક બાબત મોદી વોશિંગ પાવડર છે : પવન ખેડા



નવીદિલ્હી,તા.૩૦

કોંગ્રેસના નેતા પવન ખેડાએ શનિવારે કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં તેની સામેના ટેબલ પર વોશિંગ મશીન મૂકેલું જોવા મળ્યું હતું. જેના પર ભાજપ વોશિંગ મશીન લખેલું હતું. આ વોશિંગ મશીન બતાવતા પવન ખેડાએ કહ્યું કે જે નેતાઓ પર ભાજપ કરોડોના કૌભાંડનો આરોપ લગાવે છે, તેઓને પાછળથી પોતાની પાર્ટીમાં સામેલ કરીને કેસ પાછો ખેંચી લે છે. ભાજપ પાસે એવું વોશિંગ મશીન છે કે તેમાં ૧૦ વર્ષ જૂનો કેસ નાખો તો પણ આરોપી સાફ નીકળી જાય છે. તેમણે આગળ મોદી સરકાર પર કટાક્ષ કરતા કહ્યું - મશીનની સાથે આ ચમત્કાર પણ મોદી વોશિંગ પાવડરે કર્યો છે. જેના કારણે આરોપી વોશિંગ મશીનમાંથી સંપૂર્ણ ગ્લોઈંગ વ્યક્તિત્વ સાથે બહાર આવે છે.

આ પછી ખેડાએ એક પેપર બહાર પાડ્યું. જેમાં ભાજપ પર આરોપ લગાવવામાં આવ્યો છે કે સરકાર વિપક્ષી નેતાઓને ડરાવવા માટે સીબીઆઇ ઈડી અને આવકવેરા વિભાગ જેવી કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરી રહી છે. ન તો અમે તમને આવું વોશિંગ મશીન વેચી શકીશું અને ન તમે ખરીદી શકશો, કારણ કે ૮,૫૫૨ કરોડ રૂપિયાની કિંમતનું મશીન ફક્ત એક જ વ્યક્તિ રાખી શકે છે, તેનું નામ નરેન્દ્ર મોદી છે. પવન ખેડાએ એવા નામો પણ ગણ્યા જેઓ ભાજપમાં જોડાઈને સ્વચ્છ બન્યા.ખેડાએ વિપક્ષના આવા ૫૧ કેસ ગણ્યા જેના પર કાર્યવાહી ચાલી રહી છે. આ સિવાય તેમણે ૨૦ કેસ ગણ્યા જેમાં ભાજપ અને તેના સહયોગી પક્ષોના નેતાઓ વિરુદ્ધ કેસ નોંધાયેલા છે. પરંતુ તેઓ હજુ પણ જીવિત છે અને તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી. એનસીપીના નેતા પ્રફુલ્લ પટેલનું નામ લઈને ખેડાએ કહ્યું કે ભાજપે પ્રફુલ પટેલ પર અબજો રૂપિયાના કૌભાંડનો આરોપ લગાવ્યો હતો પરંતુ જ્યારે તેઓ એનસીપી છોડીને ભાજપમાં જોડાયા ત્યારે તેમના તમામ ડાઘ ધોવાઈ ગયા હતા અને તેઓ ખૂબ સારા વ્યક્તિ બની ગયા હતા. તેમણે આસામના સીએમ હિમંતા સરમાનું નામ પણ લીધું અને કહ્યું કે તેમની વાર્તા પણ એવી જ છે.

પવન ખેડાએ તે નેતાઓના નામોની વધુ ચર્ચા કરી જેઓ ભાજપના વોશિંગ મશીનમાં ધોવાયા હતા. આ યાદીમાં હિમંતા બિસ્વા સરમાનું નામ પ્રથમ સ્થાને રાખવામાં આવ્યું છે. જેમના પર ગુવાહાટીમાં પાણી પુરવઠા કૌભાંડનો આરોપ છે. આ પછી નારાયણ રાણે આવ્યા જેમની વિરુદ્ધ સીબીઆઇ ઈડીએ અનેક કેસ નોંધ્યા. ભાજપના નેતા કિરીટ સોમૈયાએ તેમના પર ભ્રષ્ટાચારના આરોપો લગાવ્યા હતા. ત્યારબાદ તેમણે અજિત પવારનો ઉલ્લેખ કર્યો. જેમની એક સમયે ઈડી દ્વારા કૌભાંડના આરોપમાં તપાસ કરવામાં આવી રહી હતી. ત્યારબાદ ખેડાએ કોંગ્રેસ પક્ષમાંથી એક સમયે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી રહી ચૂકેલા અશોક ચવ્હાણનું નામ લીધું. ભાજપે તેમના પર આદર્શ હાઉસિંગ સોસાયટી કૌભાંડનો આરોપ લગાવ્યો હતો પરંતુ ભાજપમાં જોડાયા બાદ તેમની સામેનો કેસ આગળ વધ્યો ન હતો. આ સિવાય ભાજપે હસન મુશ્રીફ અને છગન ભુજબળ પર મની લોન્ડરિંગનો આરોપ લગાવ્યો હતો. જે બાદ ઈડીએ પણ તેમની સામે કાર્યવાહી કરી હતી. પરંતુ એનસીપીથી અલગ થયા બાદ તેમની સામેની તમામ કાર્યવાહી બંધ થઈ ગઈ હતી.

## રાજ્યમાં જ્ઞાનશક્તિ સહિતના પ્રોજેક્ટ હેઠળ સીઈટી અને સ્કોલરશિપની યોજાઈ પરીક્ષા

અમદાવાદ,તા.૩૦

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપતી કોમન એન્ટ્રન્સ ટેસ્ટ અને મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપની જાહેર પરીક્ષા યોજાઈ. ૬ હજારથી ૨૫ હજાર સુધીની સ્કોલરશીપ આપતી આ જાહેર પરીક્ષા રાજ્યભરના ધોરણ પાંચ પૂર્ણ કરેલ અને ધોરણ ૮ પૂર્ણ કરેલ ૧૨ લાખ કરતા પણ વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી છે.

રાજ્યભરમાં શાળા કક્ષાના વિદ્યાર્થી માટેની મહત્વપુર્ણ પરીક્ષા લેવામાં આવી રહી છે. જેમાં સવારના સમયમાં મુખ્યત્વે સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં ધોરણ પાંચમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સીઈટી એટલે કે કોમન એન્ટરન્સ ટેસ્ટ લેવાઈ. જ્યારે બપોરના સમયે સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં ધોરણ આઠ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના સ્કોલરશીપ યોજના માટે પરીક્ષા લેવામાં આવી. શાળા કક્ષાએ પ્રાથમિક વિભાગમાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાનો અનુભવ થાય તે માટે આ પરીક્ષાનું આયોજન કરવામાં આવતું હોય છે.

સીઈટી પરીક્ષા આપનાર સરકારી-ગ્રાન્ટેડ શાળામાં પ્રવેશ મેળવે તો ધોરણ ૬ થી ૮ માં ૫ હજાર , ૯-૧૦ માં ૬ હજાર, ૧૧-૧૨ માં ૭ હજાર આર્થિક સહાય શિષ્યવૃતિના ભાગરૂપે મળતી હોય છે. જો વિદ્યાર્થીઓએ શિષ્યવૃતિ ન લેવી હોય તો સીઈટી પરીક્ષામાં મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓ ત્રણ રેસીડેન્સીયલ સ્કૂલમાં પ્રવેશ મળતો હોય છે. જેમાં જ્ઞાનશક્તિ, રક્ષા શક્તિ અને મોડેલ સ્કૂલનો સમાવેશ થાય છે.

## નકલી જીએસટી દસ્તાવેજો બનાવવાના સૌથી વધુ કેસ ગુજરાતમાં, રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ટેક્સ ચોરી પકડાઈ




છેતરપિંડીના કેટલાક કિસ્સા સામે આવ્યા છે. એક રિપોર્ટ પ્રમાણે અધિકારીઓએ ચાલુ નાણાકીય વર્ષમાં રુપિયા ૧૯,૨૬૦ કરોડના નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના દાવા પકડી પાડ્યા છે. આ પ્રકારના કુલ ૧૯૯૯ કેસ નોંધાયા છે. દર વર્ષે આવા અનેક કિસ્સા સામે આવે છે. ગયા વર્ષે પણ નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના ૧,૯૪૦ કેસ નોંધાયા હતા જેમાં રુપિયા ૧૩,૧૭૫ કરોડનું રિફંડ માંગવામાં આવ્યું હતું .અધિકારીઓએ આટલી મોટી રકમમાંથી ૧,૫૯૭ કરોડ રુપિયા રિકવર કર્યા હતા. આ વર્ષે પણ છેતરપિંડીના કેસમાં ૪૯%નો વધારો થયો છે. આવા નકલી કેસોમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટના દાવાનો સમાવેશ થાય છે, જ્યાં વસ્તુઓ અથવા સેવાઓનો કોઈ વાસ્તવિક સપ્લાય કરવામાં આવ્યો નથી, પરંતુ ઈનપુટ ટેક્સ ક્રેડિટ દ્વારા પૈસાનો દાવો કરવામાં આવે છે. આ કેસોના નિકાલનો સરેરાશ દર ૧૨.૭૧% હોવાનો અનુમાન લગાવવામાં આવે છે. નકલી ઈનપુટ ટેક્સ ક્રેડિટના સૌથી વધુ કેસ આ વખતે ગુજરાતમાંથી આવ્યા છે. તે પછી બીજા ક્રમે પશ્ચિમ બંગાળ અને હરિયાણાનો નંબર આવે છે. ગુજરાતમાં આવા ૨૪૧, પશ્ચિમ બંગાળમાં ૨૨૭, હરિયાણામાં ૧૮૬, આસામમાં ૧૬૮, રાજસ્થાનમાં ૧૪૩, મહારાષ્ટ્રમાં ૧૩૦, કર્ણાટકમાં ૧૨૨ અને દિલ્હીમાં ૧૦૫ કેસ નોંધાયા છે. જો કે, રકમની દ્રષ્ટિએ જોઈએ તો હરિયાણા અને દિલ્હીમાં નકલીઁઝના સૌથી મોટા કેસ સામે આવ્યા છે. જીએ ઈનપુટ ટેક્સ ક્રેડિટના બનાવટીઁઝ દાવા પર કાર્યવાહી કરવી એ વિભાગ માટે શરૂઆતથી જ એક મોટો પડકાર હતો. તેમજ વિભાગ સતત તેના પર ફોકસ કરી રહ્યું છે. એક મેન્યુફેક્ચરર જ્યારે કોઈ સામાન ખરીદે છે, ત્યારે તે તેના પર ટેક્સ આપે છે. અને જ્યારે પણ તે કોઈ સામાન કોઈને વેચે છે ત્યારે તે તેની પાસેથી ટેક્સ વસૂલ કરે છે. આ બે ટેક્સ વચ્ચેના ડિફરન્ટને ઈનપુટ ટેક્સ ક્રેડિટમાં એડજસ્ટ કરીને જીએ વિભાગમાંથી પૈસા પરત લેવામાં આવે છે.

## ઈડીએ મની લોન્ડરિંગના કેસમાં આમ આદમી પાર્ટી સરકારના વધુ એક મંત્રીને સમન્સ મોકલ્યું

નવીદિલ્હી,તા.૩૦

આમ આદમી પાર્ટીની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે કાર્યવાહી બાદ હવે વધુ એક મંત્રીને ઈડીએ સમન્સ મોકલ્યું છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આબકારી નીતિ સંબંધિત કથિત મની લોન્ડરિંગના કેસમાં આમ આદમી પાર્ટી સરકારના મંત્રી કૈલાશ ગેહલોતને સમન્સ મોકલ્યું છે. નોંધનીય છે કે, કૈલાશ ગેહલોત દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારમાં પરિવહન, ગૃહ અને કાયદા મંત્રી છે. ૧ માર્ચે આ જ કેસમાં તપાસ એજન્સી દ્વારા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ કરવામાં આવ્યા બાદ ઈડીએ ગેહલોતને સમન્સ મોકલ્યું છે. ઈડીએ કૈલાશ ગેહલોતને સમન્સ જારી કરીને પૂછપરછમાં સામેલ થવા માટે બોલાવ્યા છે.

## તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે હવે 'વિવાદિત કાર્ટૂન' મુદ્દે બબાલ, ચૂંટણી પંચ સમક્ષ કરાઈ ફરિયાદ



લોકસભા ચૂંટણીને લઈને બંગાળમાં શાસક પક્ષ તૃણમૂલ કોંગ્રેસ અને મુખ્ય વિપક્ષ ભાજપ વચ્ચે વીડિયો વોર બાદ હવે એક કાર્ટૂન યુદ્ધ છેડાઈ ગયુ છે. તૃણમૂલે શુક્રવારે પોતાના સત્તાવાર એક્સ હેન્ડલથી એક કાર્ટૂન શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બંગાળ ભાજપના નેતાઓ પર આકરા પ્રહાર કર્યા. જેની પર ભાજપે આકરો વાંધો વ્યક્ત કર્યો છે.તૃણમૂલે કાર્ટૂન સાથે લખ્યું, ''બંગાળના દ્વાર કિલ્લેબંધ છે અને મુખ્યમંત્રી મમતા બેનર્જી રક્ષા કરી રહી છે. બાહરી ભાજપ જમીનદાર, જે અંદર જવાનો પ્રયત્ન કરી રહ્યું છે, પોતાને ડગમગતા પામશે. જેમના પગ નીચે જમીન નથી. તેમનું જીતવાનું સપનું હાસ્યાસ્પદ છે.''આ કાર્ટૂનમાં એક મકાનની ઉપર મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસ સુપ્રીમો મમતા બેનર્જી ઊભા છે અને તેમની સાથે અમુક મહિલાઓ પણ છે. બીજી તરફ આ મકાનમાં લાગેલી એક વાંસની સીડીના સહારે પીએમ મોદી, બંગાળમાં પાર્ટીના વરિષ્ઠ નેતા અને વિધાનસભામાં નેતા પ્રતિપક્ષ સુવેન્દુ અધિકારી (વચ્ચે) અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહને ઉપર ચઢવાનો પ્રયત્ન કરતા દર્શાવવામાં આવ્યા છે.

આમાં મોદી અને શાહના સહારે સુવેન્દુને ચઢવાનો પ્રયત્ન કરતા દર્શાવવામાં આવ્યા છે. જેમાં તમામના પગ ડગમગી રહ્યા છે. જેમાં મકાનની ઉપર ઊભેલા મમતા પોતાનો ડાબો પગ ઉઠાવીને અને હાથથી ભાજપ નેતાઓની તરફ રોકાવાનો ઈશારો કરી રહ્યા છે. સીડીની સૌથી નીચે કોલકાતા હાઈકોર્ટના જજ પદેથી રાજીનામુ આપીને ભાજપમાં સામેલ થનાર તમલુકથી પાર્ટીના ઉમેદવાર પૂર્વ જસ્ટિસ અભિજીત ગંગોપાધ્યાય ઊભેલા જોવા મળી રહ્યા છે. ભાજપે આ કાર્ટૂન પર પ્રશ્ન ઉઠાવતા પલટવાર કર્યો છે. ભાજપ આઈટી સેલના પ્રમુખ અને બંગાળના સહ-ઈન્ચાર્જ અમિત માલવીયએ પીએમના અપમાનનો આરોપ લગાવતા આયોગને આ અંગે હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી છે.

## વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન એલપીજી સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું રહેશે

નવીદિલ્હી,તા.૩૦

નવું નાણાકીય વર્ષ ૧લી એપ્રિલથી શરૂ થવા જઈ રહ્યું છે. નાણાકીય વર્ષના પ્રથમ દિવસથી ઘણા નિયમોમાં ફેરફાર થવા જઈ રહ્યા છે. આવો જ એક નિયમ પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના સાથે સંબંધિત છે. ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન એલપીજી સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળતું રહેશે. તમને જણાવી દઈએ કે આ સબસિડી મુક્તિ ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી હતી, પરંતુ તાજેતરમાં જ સરકારે આ રાહતને ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી લંબાવી છે. આ નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસ એટલે કે ૧ એપ્રિલ, ૨૦૨૪થી અમલમાં આવશે.

તમને જણાવી દઈએ કે લાભાર્થી વર્ગને વર્ષમાં ૧૨ રિફિલ આપવામાં આવે છે. આ અંતર્ગત ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડર પર ૩૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવે છે. સબસિડી લાયક લાભાર્થીઓના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવે છે.

## કોંગ્રેસને મોટો ફટકો, પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રીના 'પુત્રવધૂ' ભાજપમાં જોડાયા



મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીથી ઠીક પહેલા કોંગ્રેસને જોરદાર ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજ પાટિલની પુત્રવધૂ અર્ચના પાટિલ ચાકુરકરે ભાજપનો કેસરિયો ધારણ કરી લીધો હતો. મુંબઈમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની હાજરીમાં અર્ચના પાટિલ ચાકુરકર ભાજપમાં જોડાયા હતા.અર્ચના પાટિલને ભાજપમાં લાવવા પાછળ કોંગ્રેસના પૂર્વ દિગ્ગજ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણની ભૂમિકા મનાઈ રહી છે.

## રૂપાલાની માફી અમને મંજૂર નથી...' વિવાદ વચ્ચે કરણી સેના પ્રમુખ શેખાવતના ભાજપને 'રામ-રામ'



લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ગુજરાતના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. એક તરફ રાજકીય પક્ષોમાં ટિકિટને લઈને અસંતોષ જોવા મળી રહ્યો છે તો બીજી તરફ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરશોતમ રૂપાલાના નિવેદનના કારણે ક્ષત્રિય સમાજમાં રોષ યથાવત છે. ત્યારે હવે મોટા સમાચાર સામે આવી રહ્યા છે કે કરણી સેનાના પ્રમુખ રાજ શેખાવતે ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. ઉલ્લેખનીય છે કે તેમણે રૂપાલાની ટિકિટ રદ કરવાની માગ કરી હતી. આ ઉપરાંત રાજ શેખાવતે ગોંડલના સંમેલનને ભાજપ પ્રેરિત ગણાવ્યું હતું.કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાજકોટ લોકસભાના ઉમેદવાર પરશોતમ રૂપાલાની મુશ્કેલી ઓછી થઈ રહી નથી. તેમણે શુક્રવારે ગોંડલના શેમળા ગામે ક્ષત્રિય સમાજના સંમેલનમાં કે જ્યાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના લોકો, પૂર્વ અને વર્તમાન ધારાસભ્યો અને વિવિધ હોદ્દેદારો તેમજ સંગઠનોના આગોવાનો હાજર હતા ત્યાં જાહેર મંચ પરથી હાથ જોડી માફી માગીને ક્ષત્રિય સમાજની નારાજગી દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો.

## લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં ચૂંટણી લડવા માંગતા ભારતીય વિદ્યાર્થી સામે નફરતી અભિયાન

બ્રિટનમાં આવેલી અને દુનિયાની ખ્યાતનામ લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થી સત્યમ સુરાણાએ પોતાની સામે નફરતી અભિયાન શરુ કરાયુ હોવાના ગંભીર આક્ષેપો કર્યા છે. સત્યમ સુરાણા ગત વર્ષે લાઈમ લાઈટમાં આવ્યો હતો. તેણે ભારતીય કોન્સ્યુલેટની સામે દેખાવો કરી રહેલા ખાલિસ્તાનીઓએ રોડ પર ફેંકી દીધેલા તિરંગાને સન્માન સાથે ઉઠાવી લીધો હતો અને તેના કારણે તેની ભારે પ્રશંસા થઈ હતી. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં લોનો અભ્યાસ કરી રહેલો સત્યમ વિદ્યાર્થી સંઘની ચૂંટણી લડવા માંગે છે અને તેનુ કહેવુ છે કે, આ ચૂંટણી યોજાય તે પહેલા મને ટાર્ગેટ કરીને યોજનાબધ્ધ રીતે અભિયાન શરુ કરાયુ છે. જેમાં મને ફાસીવાદી ગણવામાં આવ્યો છે. ભારતની એક ન્યૂઝ ચેનલના અહેવાલમાં સત્યમે કહ્યુ છે કે, ફેબ્રુઆરી અને માર્ચમાં ચૂંટણીની જાહેરાત થઈ હતી અને મેં જનરલ સેક્રેટરીની પોસ્ટ માટે ઉમેદવારી નોંધાવી હતી.

તંત્રી લેખ......

# નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં બિટકોઈનમાં રોકાણકારોને ૧૫૫ ટકાથી વધુનું વળતર

સમાપ્ત થઈ રહેલા નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ગોલ્ડ, ઈક્વિટી સહિતની વિવિધ પરંપરાગત એસેટસ કલાસમાં રોકાણકારોને નોંધપાત્ર વળતર પ્રાપ્ત થયું છે પરંતુ જોખમી એવી એસેટ કલાસ ક્રિપ્ટોકરન્સીઝમાં પણ રોકાણકારો માલામાલ થયા છે. વર્તમાન નાણાં વર્ષ સમાપ્ત થવાની તૈયારીમાં છે ત્યારે છેલ્લા ૧૨ મહિનામાં બિટકોઈનના રોકાણકારોને ૧૫૫ ટકાથી વધુ વળતર છૂટયું છે. આની સામે નિફટી૫૦ તથા ગોલ્ડમાં અનુક્રમે ૨૮.૬૦ તથા ૧૧ ટકા વળતર છૂટયું છે. બિટકોઈન ઉપરાંત અન્ય ક્રિપ્ટોસ જેમ કે એથરમ, બીએનબી, સોલાના માં પણ રોકાણકારોને અભૂતપૂર્વ વળતર પ્રાપ્ત થયા હોવાનું પ્રાપ્ત આંકડા પરથી જણાય છે.વર્તમાન નાણાં વર્ષના પ્રારંભમાં બિટકોઈનનો ભાવ જે ૨૮૫૦૦ ડોલર બોલાતો હતો તે માર્ચમાં વધી ૭૩૮૩૫ ડોલરની ઓલ ટાઈમ હાઈ સપાટીએ પહોંચી ગયો હતો. ક્રિપ્ટોકરન્સીઝ માટે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪નો પ્રારંભ પોઝિટિવ નોટસ સાથે થયો હતો. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં સ્પોટ બિટકોઈન ઈટીએફસને મંજુરી મળવા સાથે બિટકોઈનમાં ઉછાળો આવ્યો હતો. ક્રિપ્ટો કરન્સીઝ સામે વિશ્વભરના દેશોમાં જોવા મળી રહેલા વિરોધ છતાં છેલ્લા એક વર્ષમાં તેના ભાવમાં જોરદાર રિકવરી આવી છે. ઈટીએફસને મંજુરી મળ્યા બાદ સંસ્થાકીય રોકાણકારોના સહભાગમાં વધારા તથા નિયમનકારી સ્પષ્ટતા આગામી નાણાં વર્ષમાં બિટકોઈનની ચાલ માટે મહત્વના પરિબળો બની રહેવા અપેક્ષા હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષમાં ક્રિપ્ટોકરન્સીઝની માર્કેટ કેપ પણ વધી ૨.૭૬ ટ્રિલિયન ડોલરને પાર કરી ગઈ છે.

## પત્રાવળી-૩૯

કેલિફોર્નિયાના બે એરિયાના સક્રિય ગુજરાતી કાર્યકર શ્રીમતિ પ્રજ્ઞાબેન દાદભાવાલા લખે છે:

મૌન પણ બોલે છે ..

મને આ વાત બાળપણમાં સમજાઈ હતી. ત્યારે હું ૧૧માં ધોરણમાં હતી સ્વભાવિક ઉંમર એનું કામ કરતી હતી. મને કશુંક નવું કરવું ગમતું, જેને 'એડવેન્ચર' કહી શકાય. એક દિવસ રિસેસમાં ગાપચી મારી હું મારી બહેનપણી સાથે 'મેટેની' શોમાં પિક્ચર જોવા ગઈ. મારી માસીની દીકરી મારા જ વર્ગમાં હતી. તેણે મારી મમ્મીને વાત કરી કે હું શાળામાંથી પિક્ચર જોવા ગઈ હતી.

હું ઘરે આવી. સમય કરતાં થોડીક જ મોડી અને મમ્મીએ માત્ર એટલું જ કહ્યું કે 'આવી ગઈ? સારું, જમી લે અને સ્કૂલનું લેસન કરી લેજે.' ત્યાર પછી શનિ–રવિની રજા હતી. રજા પછી શાળામાં ગઈ ત્યારે મારી બહેનપણીએ કહ્યું. 'તારી મમ્મીએ પૂછ્યું હતું કે પ્રજ્ઞાની ફિલ્મની ટિકિટના તને કેટલા પૈસા દેવાના છે? ને તારા પપ્પા-મમ્મી મને રવિવારે પૈસા આપી ગયાં..' હું બે ક્ષણ માટે એને જોઈ રહી અવાચક. આ વાત જાણ્યા પછી મમ્મી-પપ્પાનું આ મૌન મને ખટકી ગયું. હા, અહીં એમનું મૌન બોલતું હતું. શબ્દો ન કરી શકે તે કામ મૌને કર્યું. હું મારી જાતે બધું સમજી ગઈ. આવી વાત આપણી હો કે ગાંધીની, પણ શબ્દો અને વાણી વિનાની મૌનની એક અજબની પરિભાષા છે.

હું તો ક્યારેક મારા શહેરનું પણ મૌન સાંભળું છું. મુંબઈ શહેર એટલે ચોવીસ કલાક હાંફતું ,ધબકતું અને ક્યારેય ના થાકતું, ધાંધલ ધમાલ, ઊથલપાથલનું શહેર. એ મૌન કેવી રીતે હોઈ શકે? અહીં મુંબઈ શહેર તમને ખોટા પાડે છે. કારણ શહેરનું મૌન ભેદી હોય




છે. મુંબઈ શહેર શબ્દોનું મહોતાજ નથી. એ ભાવની ભરતીનું શહેર છે. એનું મૌન ક્યારેક ડર પહેરીને આવે છે તો ક્યારેક ચિંતા ઓઢીને આવે છે. અહી મૌનની તીક્ષ્ણતા આકરી હોય છે. હા, ક્યારેક શહેરનું મૌન શબ્દોથી પણ તેજ, ધારદાર, ઘાતક, જીવલેણ અને તીક્ષ્ણ બની જતું હોય છે. ત્યારે જાણે મૌન શબ્દની આબરૂ લેતું હોય તેવું ભાસે છે. હા, પણ મૌન બોલે છે.

સાંભળો તો મૌન ઘણું બોલે છે. મૌન માણસને ચીરી નાખે છે, તેમ મૌન માણસને સીવી નાખે છે મૌન જીવંત છે, મૌનમાં ધબકાર છે. મૌનમાં શ્વાસ છે. મૌન એ શબ્દોની કબર નથી. મૌન હૃદયના ધબકારામાં ગાજતું હોય છે.. હા, મૌન બોલકું હોય છે.

પ્રજ્ઞા દાદભાવાલા

pragnad@gmail.com>

(૨)

સાહિત્યજગતના આદરણીય અને https://niravrave.wrodpress.com પર પ્રકાશ પાથરતાં શ્રીમતી પ્રજ્ઞાબેન વ્યાસના બ્લોગમાં શ્રી પરેશ વ્યાસ લખે છે:

શબ્દસંહિતા—આધુનિક જીવનશૈલીના આગંતુક શબ્દોની ત્રિપદી—કેમ્બ્રિજ ડિક્શનરી સમયાંતરે નવા શબ્દોની યાદી જાહેર કરે છે. એવાં શબ્દો જે નવજાત છે, સાંપ્રત છે, જેનો કોઈ ઈતિહાસ નથી. ગુજરાતી ભાષામાં એવા શબ્દો વિષે એક એક સરસ શબ્દ છે 'શબ્દજ શબ્દ'. ગુજરાતી લેક્સિકનમાં એનો અર્થ અઘરો કરીને છાપ્યો છે. ઝટ સમજાતો નથી પણ થોડો સરળ કરીએ તો અર્થ થાય અચાનક આવી ચઢેલો નવો શબ્દ. આગંતુક શબ્દ. આજે એ વિષે વાત કરવી છે.

એલએટી (LAT):

એલએટી અબ્રીવિએશન (સંક્ષેપાક્ષર) છે. એલએટી એટલે લિવિંગ અપાર્ટ ટૂગેધર. 'અપાર્ટ' એટલે એક બાજુએ, અલગ અલગ, છેટે, દૂર, કકડેકકડા, જુદી રીતે. અને 'ટૂગેધર' એટલે ભેગાં, સાથે, એક સાથે, એકબીજાની સાથોસાથ, એકી વખતે, સંગાથે.. બંને વિરોધાર્થી શબ્દો. અલગ પણ રહેવું અને સાથેય રહેવું? એ શી રીતે બની શકે? એલએટી એટલે એવી વ્યક્તિઓ જે આમ તો સાથે છે પણ છતાં દૂર રહીને જીવે છે. એલએટી સહજીવનની એવી નવી વ્યવસ્થા છે, જેમાં લગ્ન પણ નથી અને 'લિવ-ઈન' પણ નથી. તેઓ સાથે રહેતાં નથી. અલગ રહે છે અને છતાં સાથે છે. પતિપત્ની જેવા જ સંબંધો છે. સાથે હરે છે, સાથે ફરે છે, સાથે ચરે છે. ટૂંકમાં સચરાચર ખરાં પણ સાથે રહેતાં નથી. ઘર જુદાં છે. બંને એકમેકને ખૂબ પ્રેમ કરે છે. તકલીફમાં સાથે જ હોય. બીમાર પડે, અકસ્માત થાય કે ક્યાંક માથાકૂટ થઈ જાય તો સાથીદાર પડખે જ હોય. આ કામચલાઉ રિલેશનશિપ નથી. છીછરી રિલેશનશિપ પણ નથી. સાથે છે. બસ એટલું જ કે એક છત નીચે સાથે રહેતાં નથી. આ એવું જોડું છે, જે જોડે રહેતું નથી. પોતપોતાની એક અલગ લાઈફ છે.

લગ્ન વિષે ખલિલ જિબ્રાન કહે છે કે તમારાં સામીપ્યમાં જગ્યા રહેવા દેજો. કારણ કે સરૂનું ઝાડ અને દેવદારનું વૃક્ષ એકબીજાની છત્રછાયામાં વિકાસ પામતું નથી. વીણાનાં તાર અલગ હોય તો જ મધુર સંગીત રેલાવે છે. મંદિરનાં સ્તંભ અલગ હોય તો છતનો ભાર ઝીલી શકે છે. એલએટી ખલિલ જિબ્રાનનાં જ્ઞાનનો અનાયાસે અમલ કરે છે.

શ્રી પરેશ વ્યાસ. (પ્રજ્ઞાબેનના સૌજન્યથી સાભાર.)

# શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનનું, શ્રી સ્વામિનારાયણ મંદિર પાલ્લી ખાતે સુવર્ણ પ્રતિષ્ઠા તથા નવનિર્માણ મહોત્સવની હર્ષોલ્લાસભેર ભવ્ય ઓપનીંગ સેરેમની



મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન દ્વારા શ્રી સ્વામિનારાયણ પાલ્લી ખાતે શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં ઘોઘંબા - પાલ્લી ખાતે શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ પાલ્લી સુવર્ણ મહોત્સવ તથા નવનિર્માણ મહોત્સવની ભવ્ય ઉજવણીની શરૂઆત થઈ.

શ્રી સ્વામિનારાયણ મંદિર, સ્વામિનારાયણ પાલ્લી સુવર્ણ પ્રતિષ્ઠા તથા નવનિર્માણ મહોત્સવ અંતર્ગત વિશ્વમંગલ, અંધશ્રદ્ધા નાબુદી, તથા વ્યસનમુક્તિ બાઈક રેલી પણ યોજાઈ.મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ પાલ્લી સુવર્ણ પ્રતિષ્ઠા તથા નવનિર્માણ મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ મંદિર ઓપનીંગ શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિપરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીજી મહારાજે ઉમળકાભેર કર્યું હતું. આ મહોત્સવના મુખ્ય યજમાન પ્રેમજીભાઇ શિવજીભાઈ વેકરીયા, નારાણપર પરિવાર હતા. આ મહોત્સવની આપનીંગ સેરેમની પરમ પૂજ્ય આચાર્ય સ્વામીશ્રી મહારાજે ફુગ્ગા ઉડાવી કરી હતી અને આતશબાજી કરવામાં આવી હતી. આવા અણમોલ અવસરનો લ્હાવો દેશ વિદેશના હરિભક્તોએ હર્ષોલ્લાસભેર લીધો હતો.

# આજે સે.૬માં અપના બજાર ખાતે નિઃશુલ્ક હેપ્પી ચકલી ઘર અને પાણીના કુંડાનું વિતરણ



ગાંધીનગરમાં પણ સતત નવમાં વર્ષે હેપ્પી યુથ ક્લબ દ્વારા માર્ચ માસમાં આવતા વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને "હેપ્પી સ્પેરો વીક" ઉજવાઈ રહ્યું છે. હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થયો હતો જેનું સમાપન તા.૩૧મી માર્ચ, રવિવારના રોજ યોજાશે જેમાં સેક્ટર-૬માં આપના બજાર પાસે સવારે ૮.૩૦થી ૧૦ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક હેપ્પી ચકલી ઘર અને પક્ષી પરબ માટે પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં એક વ્યક્તિને એક હેપ્પી ચકલી ઘર અને એક પાણીનું કુંડુ વહેલા તે પહેલાંના ધોરણે સ્થળ પર સ્ટોક ઉપલબ્ધ હશે તે મુજબ વિના મૂલ્યે વિતરણ કરવામાં આવશે. હેપ્પી સ્પેરો વીકની સમગ્ર ઉજવણીનો હેતુ આપણી આસપાસમાં રહેતા અને માનવજાતને ઉપયોગી બનતા ચકલી અને તેના જેના નાના-માધ્યમ કદના અબોલ પંખીઓના જતન થકી પ્રકૃતિનું સંતુલન જળવાય તે માટેનો છે.

# ગાંધીનગરના નાના ચીલોડા હાઈવે રોડ પર અજાણ્યા વાહનની ટક્કરથી એક્ટિવા સવાર વૃદ્ધનું ટૂંકી સારવાર દરમિયાન મોત

ગાંધીનગરના વલાદ ખાતે આધાર શીલા સ્કૂલ સામેના નૅશનલ હાઈવે નાના ચીલોડા રોડ ઉપર ગઈકાલે બપોરના સમયે અજાણ્યો વાહન ચાલક એક્ટિવાને ટક્કર મારી નાસી ગયો હતો. આ અકસ્માતમાં અમદાવાદના વૃદ્ધનું ટૂંકી સારવાર દરમ્યાન મોત નિપજતા ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના બોડકદેવ ગામ ખાતે રહેતો નાગેશ મહેશજી ઠાકોર તેના મોટાબાપા જયંતિજી છનાજી ઠાકોર એક્ટિવા ઉપર ગાંધીનગર વજાપુરા રહેતા બહેન પુનમબેનના ઘરે ગયા હતા. અને ત્યાં જમી પરવારીને મહેમાનગતિ પતાવી બપોરના બે વાગ્યા પછી વજાપુરા ગામથી નીકળી ઘરે જવા માટે એક્ટીવા લઇને નિકળ્યા હતા. એ વખતે એક્ટીવા નાગેશ ચલાવતો હતો.




બંને જણા ગોરવંટા ગામ થઈ વલાદ ગામના બ્રિજથી નાના ચિલોડા તરફ જતા નેશનલ હાઈવે ઉપરથી પસાર થતા હતા. આ દરમ્યાન આધારશિલા સ્કુલની સામે નેશનલ હાઈવે ઉપર પાછળથી એક અજાણ્યા વાહન ચાલકે તેનું વાહન પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી એક્ટીવાને પાછળથી ટક્કર મારી હતી. જેનાં કારણે બંને જણા એક્ટીવા સાથે રોડ ઉપર ફેંકાઈ ગયા હતા.

જેનાં પગલે નાગેશ અકસ્માત સર્જનાર વાહન જોઈ શક્યો ન હતો. આ અકસ્માતમાં તેને ડાબા પગે ઘુંટણના ભાગે ઈજા થઇ હતી. જ્યારે તેના મોટાબાપાને માથાના ભાગે ઈજા થવાથી લોહી નીકળતું હતું. આ દરમ્યાન રાહદારીઓ એકઠા થઈ ગયા હતા. બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જયંતિજી છનાજી ઠાકોરને અમદાવાદ સિવિલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

# ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીનો સ્નેહમિલન સમારોહ ગાંધીનગરના પ્રભારી મંત્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયા



ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, જણાવે છે કે તા. ૨૯ માર્ચ, શુક્રવારના રોજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં સમાવિષ્ટ ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીનો સ્નેહમિલન સમારોહ ગાંધીનગરના પ્રભારી મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, લોકસભા ક્લસ્ટર પ્રભારી કે. સી. પટેલ, વિશેષ ઉપસ્થિતિમાં સ્વાગત પાર્ટી પ્લોટ, ગાંધીનગર માણસા હાઈવે, રાંધેજા ખાતે યોજાઇ ગયો હતો જેમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિતના મહાનુભાવોએ છેલ્લા દસ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશના વિકાસ, સુરક્ષા માટે તેમજ સાંસ્કૃતિક વારસાની જાળવણી કરતી જે અભૂતપૂર્વ કામગીરી થઈ છે તે અંગે તેમજ શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર લોકસભામાં થયેલ વિવિધ વિકાસકાર્યો અંગે વિસ્તૃત છણાવટ કરી હતી. આગામી લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે દિશામાં સુનિયોજિત ઢબે કાર્ય કરી ગાંધીનગર લોકસભાના હાલના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહને વિક્રમી સરસાઇ થી વિજેતા બનાવવા સૌ કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું.

શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, ગાંધીનગર સહિત સમગ્ર દેશના પ્રત્યેક સમાજના, પ્રત્યેક વર્ગના નાગરિકો આ ચુંટણીમાં ઈતિહાસ રચશે અને પ્રચંડ જનાદેશ સાથે દેશમાં ભાજપાની સરકાર બનશે અને શ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રીજી વખત પ્રધાનમંત્રી બનશે. દેશને મોદીની ગેરંટી પર ભરોસો છે. આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં નવા ભારતનું નિર્માણ થઇ રહ્યું છે.

આ કાર્યક્રમમાં કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ ૩ના કોર્પોરેટર અને મનપામાં વિપક્ષના નેતા અંકિત બારોટ, વોર્ડ ૨ ના કોર્પોરેટર ગજેન્દ્રસિંહ વાઘેલા, ગાંધીનગર ઉત્તર વિધાનસભાનામાં સમાવિષ્ટ વિસ્તારના પૂર્વ સરપંચ, પૂર્વ કોર્પોરેટર, વિવિધ સમાજના આગેવાનો, અને તેમના સમર્થકો સહિત ૮૦૦ થી વધુ કાર્યકર્તાઓ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ અને ભાજપાની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિથી પ્રેરાઈને કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતાં.

# ઝૂંપડાંનો કાયમી ધોરણે નિકાલ ન આવે તો ચૂંટણીમાં ઘેરા પ્રત્યાઘાત પડવાની ચીમકી



ગાંધીનગર શહેરમાં દબાણોનો રાફડો ફાટી નિકળ્યો છે. સરકારી ખુલ્લી જગ્યા ઉપર દિન દો ગુના, રાત ચો ગુનાની જેમ દબાણો વધી રહ્યા છે. ત્યારે પાલિકાનુ તંત્ર માત્ર વેપારીઓના લારી ગલ્લા હટાવી સંતોષમાને છે. ત્યારે સેક્ટર ૧૩ બીમાં રહેતા રહિશો ઝુંપડાના દબાણોથી ત્રાહિમામ પોકારી ગયા છે. બાળકોને શાળામાં અને બગીચામાં જવાના રસ્તા ઉપર જ દબાણો થઇ જતા તેને હટાવવા માટે માંગ કરવામાં આવી છે.ગાંધીનગર શહેરના સેક્ટર ૧૩ બીમાં સતત વધતા ઝુંપડાની સંખ્યાને લઇ રહિશોએ ચિંતા વ્યક્ત કરી છે. સિનિયર સિટીજન ગૃપની બેઠક પાસે ૩ મહિના પહેલા ૧૦ ઝુંપડા હતા, તેની સંખ્યા વધીને હાલમાં ૫૦ થઇ ગઇ છે. ત્યારે આ ઝુંપડાની સંખ્યા ચોમાસામાં જોવા મળતા બિલાડીના ટોપની જેમ વધી રહી છે. મહાપાલિકાની દબાણ વિભાગ નડતર રૂપ ના હોય તેવા દબાણો હટાવીને સંતોષ અનુભવે છે. ત્યારે ટેક્ષ ચૂકવીને સારુ જીવન વિતાવવા ઈચ્છતા નાગરિકની વાત સાંભળવી જોઈએ. ઝુંપડાના કારણે આસપાસમાં ધુમાડાનુ આવરણ થઇ જાય છે. અસામાજિક પ્રવૃતિઓ સતત વધી જાય છે, તેવી ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. ખુલ્લામાં શૌચક્રિયા કરવાના કારણે પારાવાર દુર્ગંધ આવી રહી છે. આ બાબતે છેલ્લા એક વર્ષની સત્તાધિશોને રજૂઆત કરવા નિરાકરણ આવતુ નથી. જેથી આગામી સમયમાં આ મુદ્દે ચૂંટણીમાં નુકશાની ભોગવવી પડે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે. તે ઉપરાંત શહેરમાં સતત ઝુંપડાની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું